Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૦૯ • તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૦૫ માર્ચ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી આયોજીત સિનિયર સિટીઝન - ૧ દિવસીય યાત્રા પ્રવાસની ઝલક

















# સ્વ. શ્રી ભવાનજી અરજણ ખીમજી ખોના (લઘુ શેઠ) તેરા-માટુંગા

**ભ**વાનજી અરજણ ખીમજી, વા કોંગ્રેસજા સરદાર.
સેવાંઉતા કઇ કરે, નાં કઢયાં શાનદાર.
નાતજેં પ્રથમ સંમેલનજા પ્રમુખજો ઇતિહાસમેં સ્થાન વડેરો
શિક્ષણ પ્રસારક સમિતિજા અધ્યક્ષ થૈ, માર્ગદર્શન ડિના અનેરો.
નાતમેં જીંય માન - થ્યો, તીંય રાજકાજ મેં માન
ગાંધીજી જે બોલતેં જુકી વ્યા ભવાન.
તન-મન-ધન સેં કોંગ્રેસમેં ચેતન રેડે પ્રાણ
બી. પી. સી. સી. કેં અચી, જલે ગિણે હિન જવાન.
થઇ વ્યા ખજાનચી, પુરે અઢળક ધાન.
બ્રિટીશ જે નજરે ચડયાં, જેલ વ્યા સજ્જન.
કચ્છને નાતમેં પેલાં એમ. પી. થ્યા, પૂરા બબ્બ વાર.
પાર્લામેન્ટ મેં કચ્છજી ખૂબ રખ્યાંતે ન્યાર.
ધરતીકંપજી ખબરું સુણી વહેલા પુગા અંજાર.
ભેરો કોઠી નેહરુજી કે, માડુંએકે રાહત ડેરાય રખ્યો સંભાર.
ઇનીજી મહેનતસે, વલ્લભભાઇ વિકસાંયાં કંડલા બંદર.
સિંધુ કોરપોરેશનકે વાસડિના, ગાંધીધામજે અંદર.
ધવાખાનું ભનાયાં તેરેંમેં, ને ડિના આરોગ્ય મેં સહાય
તેરાને આજુ બાજુ ગામજે માડુંએંકે થ્યોં સુખદાય.
માતુશ્રી ખેતબાઇ અરજણજે નાલેં, ભનાયાં બાલક્રિડાંગણ ધજ
તેરેંજી પ્રાથમિક શાળા સામે શોભે, જેંમેં બાલુડાં રમે અજ.



**શ્રી ભવાનજી અરજણ ખીમજી** (તેરા - માટુંગા)

જખૌજે દરિયા મત્થે, કયાંવા લવણ ઉદ્યોગ,
આશાપુરા માંકે વેરાયાં સમુદ્રતેં, ડિસી ધર્મ સંજોગ.
સદગુરુ સેવા સંઘકે, સેવા ડિનાવાં અપાર.
સુખડીને વરી બાજરીયું, પુગીયું ગરીબજે દ્વાર.
ધન્ય પિતા અરજણ ખીમજીને, ધન્ય માતા ખેતબાઇ.
રાષ્ટ્ર સેવા-સમાજ સેવાને શિક્ષણ સેવા કરી, માજી કુખ્ખ ડિના દીપાઇ.

**- રશ્મિન્ ખોના (મુંબઈ)**



## ૫૦મી લગ્નજીવનની વર્ષગાંઠે શુભકામના

**શ્રી કુંવરજી હરશી લોડાયા**
**શ્રીમતી વિજયાબેન કુંવરજી લોડાયા**



ભાંડુપ - રાપરગઢ

**૧૪ મી ફેબ્રુઆરી ૨૦૧૭**ના આપના લગ્નજીવનની **૫૦ મી વર્ષગાંઠે** આપની જીંદગીની સફર હજુ આગળ ને આગળ વધારે સુખામય અને આનંદ-ઉલ્લાસ ભરી રહે એવી **હાર્દિક શુભકામના.**

લિ. શ્રી ભાવેશ કુંવરજી લોડાયા
સૌ. કુંજલ ભાવેશ લોડાયા
કુ. ક્રિપા ભાવેશ લોડાયા
કુ. ભક્તિ ભાવેશ લોડાયા

શ્રી ધનેશ કુંવરજી લોડાયા
સૌ. ભાવિકા ધનેશ લોડાયા
શ્રી હર્ષ ધનેશ લોડાયા
કુ. નેહા ધનેશ લોડાયા

સૌ. મીના ભાવેશ નાગડા
શ્રી ભાવેશ વિજય નાગડા
કુ. શિવાની ભાવેશ નાગડા

**પૂ. મમ્મી પપ્પા સમાન સાસુ સસરાજી,**

આપના ઘરની વહુ બનીને આવી ત્યારથી છેલ્લા વીસ વરસથી સતત આપના આશીર્વાદ મળતા રહ્યા છે. તમોએ જે દુનિયાદારી તથા રીત રિવાજની કેળવણી આપી તથા મારા પર વિશ્વાસ મૂકી અપાર પ્રેમની લાગણી વરસાવી તે અવિસ્મરણીય છે. મારી કોઈ ભુલ થાય તો ગુસ્સો પણ કર્યો હશે, સમજણ-શિખામણ પણ આપી હશે. સાથે સાથે ખૂબજ સ્નેહભરી લાગણીઓ તથા લાડ લડાવવામાં કમી નથી રાખી. આપના જેવા માતા-પિતા સમાન સાસુ સસરા પામી હું ધન્ય બની છું. બસ એવા આશીર્વાદ ઈચ્છું છું કે હર જનમમાં હું આપના જ ઘરમાં વહુ બનીને આવું જેથી જન્મોજનમ તમારા જેવા સાસુ-સસરાની હુંફ મળતી રહે.

**- સૌ. કુંજલ ભાવેશ કુંવરજી લોડાયા**

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 09/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને ક.દ.ઓ. મહિલાઓ

વિશ્વમાં તો ઘણા પહેલાથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાતો આવ્યો છે પણ યુનોએ ઈ.સ. ૧૯૭૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ અને તે પછીના દાયકાને આંતરરાષ્ટ્રીય મહિલા દાયકો જાહેર કર્યો ત્યારથી ભારત અને બીજા દેશોમાં ૮મી માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિયમિત રીતે થતી આવી છે.

આ દિવસે ગત મહિલા વર્ષમાં (દા.ત. ૮મી માર્ચ ૨૦૧૬ થી ૭મી માર્ચ ૨૦૧૭)માં જે તે સમુદાયની મહિલાઓ માટે સાનુકૂળતા વધી કે પ્રતિકૂળતા તે અંગે વિચારણા થાય એ યોગ્ય ગણાય.

જ્યાં સુધી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના પ્રગતિશીલ કુટુંબની મહિલાઓનો સવાલ છે તેણે છેક ઇ.સ.૧૮૮૫ પહેલાથી ઘરે ભણવાની તથા આ સમયથી વિદેશ યાત્રા કરવા સુધીની સિધ્ધી મેળવી લીધી હતી.

ઇ.સ. ૧૯૨૫ની આસપાસમાં થયેલ દારૂના પીઠા મહિલાઓના જીવનને ઉધ્વસ્ત કરે છે તેની વિરુધ્ધના પીઠા સત્યાગ્રહમાં કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિનું મહિલા મંડળે આગળ પડતો ભાગ ભજવેલો તથા એ પછીના સ્વદેશી આંદોલન અને ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધેલો એ પણ તેમને અન્ય સમુદાયોથી ઘણી આગળ મૂકી દે છે.

તે છતાં કન્યા વિક્રયની પ્રથા ઇ.સ. ૧૯૪૦ સુધી અને લાંબા ઘૂંઘટ તાણવાની પ્રથા ૧૯૬૦ના દાયકા સુધી હતી એ પણ હકીકત છે.

ઇ.સ. ૧૯૪૮ના પ્રથમ સંમેલન વખતથી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની મહિલાઓને મતાધિકાર મળ્યો તથા જ્ઞાતિના સમાજજીવનનું સંચાલન કરતી સંસ્થાઓમાં અનામત બેઠકો પણ મળી.

ઇ.સ. ૧૯૨૫માં સ્થપાયેલ પ્રકાશ અને પછી પ્રકાશ સમીક્ષામાં પ્રારંભથી મહિલા લેખકોના લેખો અગ્રતાપૂર્વક છપાતા રહ્યા છે અને એક મહિલા વિશેષાંક પણ પ્રગટ થયો.

૧૯૮૦ના દાયકા પછી તો અનેક ક્ષેત્રોમાં અને જ્ઞાતિઓમાં મહિલાઓએ આગેકૂચ કરી. તે છતાં એકંદર નેતાગીરીમાં તેમની સંખ્યા ૫% થી ઓછી છે. તેમને પોતાના મહિલા મંડળમાં જ મોભાભર્યું સ્વપ્ન મળે છે.

કુટુંબના સ્તરે જોકે છેલ્લા ત્રણ દાયકાથી નિર્ણય લેવાની પ્રક્રિયામાં વત્તે ઓછે અંશે મહિલાઓની સક્રિયતા સર્વસ્વીકૃત બની ગઈ છે તેવું સમાજ જીવનમાં પણ બનવું જોઇતું હતું પણ કમભાગ્યે તેમ થયું નથી.

જ્યારે પણ જ્ઞાતિ મહિલાઓ પ્રત્યેના વલણની વાત આવે ત્યારે પરજ્ઞાતિમાં પરણેલી કન્યાઓને કોટુંબિક સ્તરે ભલે નિકટની આત્મીય સ્વજન માનવામાં આવે પણ સામાજીક રીતે તેને નાતમાંથી બહાર નિકલી ગયેલી માનવામાં આવે છે, એ વાત કઠે છે અન્ય જ્ઞાતિના નાત બહાર પરણેલી કન્યાઓની સંખ્યા એકંદર કન્યાઓની સંખ્યાની સરખામણીમાં માત્ર ૨-૪% હોય છે. જ્યારે કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની બહાર પરણેલી કન્યાઓનું પ્રમાણ ૩0% જેટલું છે અને મહત્વની વાત એ છે કે આ કન્યાઓએ હજુ પોતાને ક.દ.ઓ. સમાજનો ભાગ જ માને છે અને પોતાના સંતાનોને જ્ઞાતિમાં પરણાવવા ચાહે છે.

વર્ષ ૨૦૧૬ના આંતરરાષ્ટ્રીય મહિલા દિનની આસપાસ મુંબઈ મહાજને સમગ્ર જ્ઞાતિની મુંબઈ તથા બહારગામમાં રહેતી પ્રતિભાવંત મહિલાઓનું બહુમાન કરેલું ત્યારે એવી આશા જાગેલી કે નાતમાં મહિલા જાગૃતિનો નવો અધ્યાય શરૂ થવામાં છે પણ કમભાગ્યે તેના વર્ષ પછી એવો ઉત્સાહ દેખાતો નથી. આવું કેમ બન્યું તેવું જ્ઞાતિના બધા સમજદારોએ તથા ખાસ કરીને પ્રતિભાવંત મહિલાઓએ વિચારમંથન કરવું રહ્યું.

**– ચંદ્રસેન મોમાયા**

## આરોગ્ય પ્રકાશ : લીંબુડા

ખૂબ જ ઠંડા કરેલા લીંબુના આશ્ચર્યકારક પરિણામ : લીંબુ ને ચોખ્ખા પાણીથી ધોઈને ફ્રીજરમાં મૂકી દો. આઠથી દસ કલાક પછી લીંબુ પૂરેપૂરું ઠંડુ અને બરફ જેવું કડક જામી જાય એટલે છાલ સહિત એને ખમણી લો. પછી તમે જે કાંઈ ખાઓ તેના પર આ લીંબુનું ખમણ ભભરાવીને ખાઓ. શાક, સલાડ, આઈસ્ક્રીમ, સૂપ, દાળ, નૂડલ્સ, સ્પેગીટી, પાસ્તા સૉસ, ભાત એવી અનેક વાનગી પર નાખીને એ ખાઈ શકાય. દરેક વાનગીમાં એનાથી એક અલગ, મજાનો સ્વાદ આવશે.

લીંબુની છાલમાં લીંબુના રસથી ૫ થી ૧૦ ગણું વધારે વિટામીન સી હોય છે. અને આપણે આ છાલ જ ફેંકી દઈએ છીએ ! લીંબુની છાલ આરોગ્યવર્ધક છે. એનાથી શરીરમાંનાં ઝેરી તત્ત્વોને શરીરમાંથી બહાર કાઢવામાં મદદરૂપ થાય છે. લીંબુની છાલનો એક આશ્ચર્યકારક ફાયદો એ છે કે એમાં એક એવો ચમત્કારિક ગુણ છે જેને કારણે શરીરમાંની સર્વ કેન્સરગ્રસ્ત પેશીઓનો નાશ થાય છે અને કેમોથેરપીના જેવી એની સાઈડ ઈફેક્ટ નથી હોતી.

લીંબુની વનસ્પતિમાં કેટલાંય પ્રકારના કેન્સરને સાજા કરવાની ચમત્કારિક શક્તિ છે. એનો ઉપયોગ બેક્ટેરિયાના ઈન્ફેક્શન તથા ફંગસ ઉપર પણ કરી શકાય છે. શરીરમાંના પરોપજીવી જંતુઓ અને વિષાણુઓ ઉપર પણ એ અસરકારક છે.

લીંબુનો રસ અને ખાસ કરીને એની છાલ લોહીના દબાણ અને માનસિક દબાણને નિયમિત બનાવે છે. માનસિક તાણ અને મજ્જા તંત્રના રોગોને કાબુમાં રાખે છે. જગતની મોટામાં મોટી ઔષધિ બનાવનારી કંપનીઓમાંની એક કંપની એ જાહેર કર્યું છે કે ૧૯૭૦ થી માંડીને આજ સુધી ૨૦થી વધુ પ્રયોગશાળાઓમાં સંશોધન કર્યા બાદ એવું જાણવા મળ્યું છે કે લીંબુની છાલ ૧૨થી વધુ પ્રકારના કેન્સરની પેશીઓને નષ્ટ કરી શકે છે.

લીંબુના ઝાડના ઔષધીય ગુણધર્મો કેન્સર પર વપરાતાં ડ્રામાયસીન જેવા કેમોથેરપીમાં સામાન્ય રૂપે વપરાતાં ઔષધ કરતાં ૧૦,૦૦૦ ગણા વધારે અસરકારક છે. લીંબુની છાલને કારણે કેન્સરની પેશીઓની વૃદ્ધિ ધીમી પડી જાય છે. અને બીજી આશ્ચર્યકારક વાત એ છે કે લીંબુની છાલથી માત્ર કેન્સરની જ પેશીઓનો નાશ થાય છે. બીજી નિરોગી પેશીઓ પર એની કોઈ વિપરીત અસર નથી થતી. એટલા માટે, સરસ પાકેલા લીંબુને ધોઇને થીજવો અને પછી જમણી પર છીણી લઈ રોજિંદા આહારમાં તેનો ઉપયોગ કરો. – (સંકલિત)

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**સેલ... સેલ... સેલ...**

૭૦% ટચના ખોંભાના છાયલ
**લિમિટેડ સ્ટોક**

૧૦ ચોકના રૂા.૨૯,૦૦૦ ના ૨૦,૦૦૦
૧૨ ચોકના રૂા.૩૨,૦૦૦ ના ૨૨,૦૦૦

**અવસર સાડીઝ**

દિનેશ દેઢિયા - 92234 25676



**સાંધવ ગામનું ગૌરવ**



**અભિનંદન**

**શ્રીમતી નેહલ ભરત ખોના**
સાંધવ

આપ નારી શક્તિનું પ્રતિક...
સેવા કરી હર ક્ષેત્રે મેળવો જીત !

**માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના પરિવાર**
સાંધવ - ઘાટકોપર

# BHUMIRAJ GROUP

BHUMIRAJ COSTARICA, 16TH Floor, Plot No. 1 & 2, Sector - 18,
Palm Beach Road, Near Moraj Residency, Sanpada,
Navi Mumbai - 400 705.

**WANT TO ASSOCIATE WITH KDOs WHO ARE**

**Forward Looking, Out- of- the-Box Thinkers & Believer in following 2 Rules:**

1. **Work for a dream and**
2. **Never Forget Rule No. 1.**

1. 1 C.A. with five years of Experience;
2. 2 Qualified with Engineers 5 years exp. in construction;
3. 2 Jr. Advocates with 5 years Exp. in Real Estate;
4. 1 Liasion Officer with 20/25 years experience.
5. 3 Accounts Executive with 5 years Experience in Tally;
6. 1 Personal Assistant for M.D.;
7. 5 Marketing Executives;
8. 2 Executives with computer skills and fluent English;
9. 1 Stenographer;
10. 2 Office Assistants;

**PAKAGES FLEXIBLE**

Please send by 07-03-2017 your CVs on this email ID -

**gaurav@bhumirajgroup.in**

Contact Person :

**Gaurav Mota - 92233 50138 / 40**

**Landline No. 022 - 6737 2222**

## શ્રીમતી નેહલ ભરત ખોના (સાંધવ - વડાલા) ૮૧૪૦ મતની સરસાઈથી નગરસેવિકા ચુંટાયા



આઝાદી પહેલા - વખતે મુંબઈમાં જ્ઞાતિના ૫ કૉર્પોરેટરો હતા. શ્રી ભવાનજી અરજણ ખીમજીએ માટુંગાના નગરસેવક તરીકે માટુંગાના આયોજીત વિકાસ તથા શ્રી ભવાનજી નથુભાઈ મહેશ્વરીએ વડાલાના આયોજીત વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. એ પછી જ્ઞાતિ આ બાબતમાં પાછળ પડી ગઈ પણ હવે એ ખોટ પુરવા જ્ઞાતિની નારી શક્તિ આગળ આવી છે. શ્રીમતી નેહલ ભરત ખોના (સાંધવ - વડાલા) ૮૧૪૦ મતની સરસાઈથી નગરસેવિકા ચુંટાયા છે. જ્ઞાતિ વતી પ્રકાશ સમીક્ષા સમિતિના અભિનંદન..

**સુખી થવાના સરળ ઉપાયો અને મોર્નિંગ વૉક હવે ઈ બુક સ્વરૂપે મેળવી શકાશે.**

ચૌલા કુરૂવા મોટીવેશનલની પુસ્તિકાઓ હવે ઇ બૂક તરીકે ખરીદી શકાશે.

સીન્ગ્રેટ દ્વારા ચૌલા કુરુવાની પુસ્તિકાઓ મોર્નિંગ વોક અને સુખી થવાના સરળ ઉપાયો ઈ બુક તરીકે પ્રગટ થઈ છે.

જે eshabda.com ઉપરથી ખરીદી શકાશે અને ઓનલાઈન વાચી શકાશે મોબાઈલમાં પણ ઉપલબ્ધ છે.


**FREE TREATMENT KNEE & BACK PAIN**

**Cure without Medicine or surgery**

EVERY SUNDAY 9.00a.m. to 12.00 p.m.

**નીચે નમીને ચીજ વસ્તૂ લેતા દાદર ચઢ ઉતર કરતા થતો કમર ઘુંટણના દુખાવા માટેની સારવાર.**



**More Details: You tube DR. ZAVER MOTTA.**

If any Doctors, Therapists, Charitable Trust & Social Groups, interested for free seminar in your City also Contact.

મુંબઈ અને બહાર ગામનાં અલટરનેટીવ મેડીસીનના થેરાપીસ્ટ, સોશયલ વર્કર, અને ઉત્સાહીત ભાઈ બહેનો જેમને આ થીયરી સીખવી હોય તેઓ નીસંકોચ કોન્ટેક કરી શકે છે.

Yogeshbhai : 08879196671 Whatsup No. : 9833099110


॥ શ્રી મોમાઈ માતાજી નમઃ ॥

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંચરા)

### સાંચરા મધે ધ્વજા, સમુહ પહેડી, ભોઈમા ની ગંધી બદલવા

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી સાંયરા મધે સંવત ૨૦૭૩ને ચૈત્ર સુદ ૧ (ગુડી પડવા)ને મંગળવાર તા. ૨૮-૦૩-૨૦૧૭ના રોજ શ્રી મોમાઈ માતાજીની સમુહ પહેડી, ધ્વજા અને ચૈત્ર સુદ ૨ ને બુધવાર તા. ૨૯-૦૩-૨૦૧૭ના રોજ શ્રી ભોઈમાની ગંધી બદલવાનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે.

### મુંબઈ મધે સાતમી સમુહ પહેડી

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની સાતમી સમુહ પહેડીના લાભાર્થી દાતા પરિવાર માતુશ્રી ચંદનબાઈ વિશનજી દેવરાજ મોમાયા (પટેલ) સાંયરાવાળા હાલે ઘાટકોપરવાળા પરિવાર દ્વારા મુંબઈ મધે સંવત ૨૦૭૩ને ચૈત્ર વદ ૫ ને રવિવાર તા. ૧૬-૦૪-૨૦૧૭ના રોજ આયોજીત કરવામાં આવેલ છે.

| શુભ સ્થળ : ઘાટકોપર જોલી જીમખાના | સમય | તારીખ |
|---|---|---|
| રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વે), મુંબઈ. | ૮ કલાકથી | ૧૬-૦૪-૨૦૧૭ |

સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા તથા અન્ય ગામના ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો/દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને બન્ને અવસરો એ પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.

**નોંધ : કાળા વસ્ત્રો પહેરીને નહીં આવવા કાળજી લેશોજી.**

**સંપર્ક :**

શ્રી હીરાચંદભાઈ મોમાયા - 098703 36826
શ્રી દિનેશભાઈ મોમાયા - 081411 49474
શ્રી ભદ્રેશભાઈ મોમાયા - 098331 31359
શ્રી શ્રેણીકભાઈ મોમાયા - 093237 85320

**લિ. ભોઈમા જયાબાઈ મોમાયા તથા મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

|| શ્રી મહાકાલી માતાય નમઃ ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ
# શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘના સહકારે

## પાવાગઢ તીર્થે પાંચ-પાંચ આચાર્ય ભગવંતો સાથે
## વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદના પાવનકારી સાનિધ્યમાં
## શ્રી મહાકાલી માના દર્શન-ભક્તિ-યાત્રા-અઠ્ઠમતપ આરાધનાનો અમુલ્ય અવસર

દિવ્યકૃપા : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

પાવન નિશ્રા : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

નૂતન આચાર્ય **પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

નૂતન આચાર્ય **પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

નૂતન આચાર્ય **પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**આદિ વિશાળ અચલગચ્છીય શ્રમણ-શ્રમણી વૃંદ** તથા **પ.પૂ. યતિવર્ય મોતીસાગરજી મ.સા.,**

દાદાગુરુદેવ પ.પૂ.આ.ભ. શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.નીસાધનાભૂમિ, ગચ્છની સ્થાપના ભૂમિ, ભગવતી ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવીનું મૂળ સ્થાનપાવાગઢ તીર્થ....!!! શ્રી મહાકાલી દેવી ને દર્શન આપવા ૫૦ વર્ષીતપના આરાધક ગચ્છાધિપતિ સહ ચાર-ચાર આ.ભ. પાવાગઢ તીર્થે પધારી રહ્યા છે....

ગચ્છ માટે આ પ્રસંગ ઉન્નતિકારક બને, સંઘબળ વધે ગચ્છની એકતા અને ઉત્થાન કાજે પાવાગઢ તીર્થે પૂજ્યોની નિશ્રામાં આયોજન કરવામાં આવેલ છે.

### તા. ૧૫-૩-૨૦૧૭

સવારે પૂજ્યશ્રીનું પાવાગઢ તીર્થે આગમન,
સામૈયું, વ્યાખ્યાન
બપોરે શ્રી મહાકાલી દેવીનું વિશેષ અનુષ્ઠાન...
રાત્રે ભક્તિ ભાવના



### તા. ૧૬-૩-૨૦૧૭

વહેલી સવારે પાવાગઢ તીર્થે
પૂજ્યશ્રીઓની સાથે દર્શન
બપોરે શ્રી સંઘોનું મિલન,
પૂજ્યોના આર્શીવચન

### અઠ્ઠમતપની આરાધના સહ યાત્રા અને ભક્તિ અનુષ્ઠાન

- તા. ૧૪, ૧૫,૧૬, માર્ચ અઠ્ઠમ તપની તપસ્યા
- તપસ્વીઓએ તા. ૧૪/૩ ના ઉપવાસ કરી સાંજ સુધી પાવાગઢ આવી જવું.
- તા. ૧૭/૩ ના સવારે પારણા બાદ બપોર પછી પ્રસ્થાન.
- તા. ૨૮/૨ સુધી આપનું ફોર્મ ભરી આપેલ કેન્દ્રે જમા કરાવશોજી.

### શ્રી સંઘોના ટ્રસ્ટીઓ અધિકારીઓ, આગેવાનો પધારો પાવાગઢ

તા. ૧૫-૩ તથા તા. ૧૬-૩ આપશ્રીની હાજરી પાવાગઢ આપશોજી. આપની હાજરી ગચ્છની એકતા અને ઉત્થાન માટે પ્રેરક બળ બની રહેશે.

આપની આવાસ/ભોજનની વ્યવસ્થા કરવા સુગમતા રહે તે માટે આપના આવાગમનની આગોતરી જાણ કરશોજી.

**શ્રી જીતેન્દ્ર વોરા - 08291161001**
**શ્રી નારાયણ - 09870345885**

**વડોદરા સંઘના ઉપક્રમે પાવાગઢ છ'રી પાલીત સંઘ ૧૨ થી ૧૫ માર્ચ ૨૦૧૭ જોડાવવા ઈચ્છુકોએ ૧૧ માર્ચ સાંજ સુધી વડોદરાપહોંચવાનું રહેશે.**

**ફોર્મ મેળાવવા તથા ભરી પરત આપવાના સ્થળ :**

| **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ** | **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ** | **શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી** |
|---|---|---|
| શ્રી અનંતનાથજી જૈન દેરાસર,<br>૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,<br>મસ્જિદ બંદર (પૂર્વ),મુંબઈ-૪૦૦ ૦૦૯. | શ્રી આદિનાથજી જૈન દેરાસર,<br>અનંત સિધ્ધિ, એલ.બી.એસ. રોડ,<br>ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮. | ૧, ધનંજય એપાર્ટમેન્ટ,<br>ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ,<br>રામનગર, ડોંબિવલી. |

લિ. **વિનોદ ખીમજી ગંગર • પ્રવિણ ટોકરશી લોડાયા • રતનલાલ વડેરા • દિપક શાંતિલાલ શાહ** - માનંદ મંત્રીઓ

## ઝિંદગી હર કદમ એક નઈ જંગ હૈ

સ્ત્રી હોવાને લીધે તેની સાથે થતો જાતીય ભેદભાવ નવી વાત નથી. તેના વિરુદ્ધ નારી સતત સંઘર્ષ કરી રહી છે. અમેરિકાના ૨૨૫ વરસના લોકશાહીના ઈતિહાસમાં ક્યારેય મહિલા પ્રમુખ ચૂંટાઈને આવ્યા નહોતા એટલે મહિલા પ્રમુખપદના દાવેદાર તરીકે ઊભા રહેલા હિલેરી પર અનેક મહિલાઓએ દારોમદાર બાંધ્યો હતો. ટ્રમ્પ જીતી રહ્યા હતા ત્યારે અનેક અમેરિકન મહિલાઓ રીતસરની રડી પડી હતી.

ઓસ્ટ્રેલિયાના સેક્સ ડિસ્ક્રિમિનેશન કમિશનર કેટ જેનકિન્સે કહ્યું કે ટ્રમ્પની સફળતાથી સ્ત્રીઓએ નિરાશ થવાની જરૂર નથી. સ્ત્રીઓએ પોતાનો અવાજ હજી બુલંદ કરીને કામ કરવાનુ ચાલુ રાખવું જોઈએ. ખૂબ ઓછી મહિલાઓને બોર્ડ પર કે રાજકારણમાં સ્થાન મળી રહ્યું છે. પુરુષો કરતાં મહિલામાં વધુ ક્ષમતા, શિક્ષણ અને અનુભવ હોવા છતાં તેમને મોટેભાગે તક મળતી નથી તેનો પડઘો જ છે ટ્રમ્પની સફળતા, આજે નારી જ્યાં સુધી પહોંચી છે ત્યાં સુધી પહોંચવા માટે તેણે સતત સંઘર્ષ અને કામ કર્યું છે. હવે જો પરિસ્થિતિ બદલાશે જ નહીં એમ કહીને નિરાશામાં સરી પડશે તો પરિસ્થિતિ ક્યારેય બદલાવાની જ નથી. શહેરી વાતાવરણમાં અને બહાર કામ કરતી સ્ત્રીઓ કરતાં પણ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતી કે અપંગ મહિલાઓને અનેક સમસ્યાઓ છે. જાતીય ભેદભાવ વિશે તેમને ન તો સભાનતા હોય છે કે ન તો


**"અનંત સિધ્ધી" ભાંડુપ**
**"શ્રી નરસી નાથા સભાગૃહ" બેન્કવેટ હૉલ**

**મોનોપોલી, બુકીંગ, કેટરીંગ તથા ડેકોરેશન માટે**

ફક્ત

ANOKHEE
CATERING & DECORATION

સંપર્ક : અશોક શામજી ખોના
મો. 093210 10180
ઑફીસ : 022-2595 9761


આપની વાડીમાં પ્રસંગ અનુરૂપ શ્રેષ્ઠ કેટરીંગ કરી આપીશું.

નોંધ : આમાં કોઈ ભાગીદાર નથી.



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ        શ્રી શાંતિનાથાય નમઃ

**ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ - જાહેર નિમંત્રણ**

**બન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ,**

પ.પૂ. અચલગચ્છાધિપતિ **શ્રી ગુણોદય સાગર સૂરિશ્વર મ.સા.** તેમજ **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.** ના આશિર્વાદથી તેમજ **પ.પૂ. સાધ્વી શ્રી કેવલ્યગુણાશ્રીજી**ની પાવન નિશ્રામાં તેમજ વિધિકાર સુશ્રાવક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ**ના માર્ગદર્શનમાં બન્ને ગામોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

**કાર્યક્રમ :** વિક્રમ સંવત ૨૦૭૩ ફાગણ વદ ૧ ને **સોમવાર તા. ૧૩-૦૩-૨૦૧૭**ના બન્ને જિનાલયોમાં **અઢાર અભિષેક.** વિક્રમ સંવત ૨૦૭૩ ફાગણ વદ ૨ ને **મંગળવાર, તા. ૧૪-૦૩-૨૦૧૭**ના બન્ને જિનાલયોના **ધ્વજારોહણ.**

આ જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી.

**આવનાર ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.**

**સંપર્ક :**

| | | |
|---|---|---|
| અશોક પોલડીયા - 09422212250 | | ઉપેન્દ્ર ગોસર - 09323199335 |
| ભુપેન્દ્ર ડાઘા - 09819883522 | | પ્રવિણ મોમાયા - 09425089966 |

**એજ લિ. પ્રમુખશ્રી ધનપતિ મોમાયા**

તેઓ અવાજ ઉઠાવતી હોય છે. સ્ત્રીઓએ સતત કામ કરીને પોતાની જાતને પુરવાર કરવી પડશે. આ ભેદભાવ કેટલીક વખત એટલી સૂક્ષ્મસ્તરે કામ કરી રહ્યા હોય છે કે સ્ત્રીઓને સમજાતું પણ નથી કે તેમને આગળ વધવાનો મોકો જ આપવામાં નથી આવી રહ્યો. હિલેરી ક્લિન્ટન પ્રમુખપદે ન આવ્યા કરતાં પણ બીજી એક મોટી બાબત છે કે રાજકારણમાં સ્ત્રીઓની ઓછી સંખ્યા છે તેના તરફ ધ્યાન આપવામાં આવતું નથી. રાજકારણમાં વધુથી વધુ સ્ત્રીઓ સક્રિય બને તે માટે વધુ કામ કરવાની જરૂર છે. કંપનીઓના બોર્ડ રૂમમાં મહિલાઓની સંખ્યા હોવી જોઈએ તેના માટે કાયદા હોવા છતાં તેનો દુરુપયોગ કરવામાં આવે છે. ઘરની જ સ્ત્રીઓને ડમી મેમ્બર તરીકે રાખી દેવાતી હોય છે. લાયકાત ધરાવતી હોવા છતાં સ્ત્રીઓને ગ્લાસ સિલિંગનો આજે પણ અનેક સ્તરે સામનો કરવો પડતો હોય છે. આપણે ત્યાં તા છોકરીને ગળથૂથીમાંથી જ લગ્ન કરવાનું ધ્યેય આપી દેવામાં આવે છે. કારકિર્દી પણ લગ્ન થાય તો વાંધો ન આવે તે રીતે પસંદ કરવામાં આવે છે. ડૉક્ટર બન્યા બાદ પણ છોકરીઓ લગ્ન બાદ પોતાની સ્વતંત્ર પ્રેકટિસ શરૂ કરી શકે કે નહીં તે બધું જ તેના સાસરા પક્ષ પર નિર્ભર રહે છે.




સ્ત્રીઓની સંખ્યા સત્તા પર ઓછી હોવાના કારણોમાં સ્ત્રીઓની પોતાની ઈચ્છાશક્તિ પણ મહત્ત્વની છે. આપણે ત્યાં તો ઘરના વ્યવહારની, કામની જવાબદારીમાં મોટાભાગના પુરુષો હજી મદદરૂપ થતા નથી. ઘર અને કામનું બેલેન્સ કરતી સ્ત્રીઓએ કેટલી સમસ્યાઓ અને તાણનો સામનો કરવો પડતો હોય છે તે આજે મોટાભાગની નારી જાણે જ છે. તેમાં કેટલીય લાયકાત ધરાવતી નારીઓ બાળક થયા બાદ કારકિર્દીને બાજુએ મૂકી દેતા અચકાતી નથી. એટલે જ કામ કરવા બહાર નીકળતી સ્ત્રીઓએ સ્વતંત્ર નિર્ણય લેવાની ક્ષમતા કેળવવી પડશે.

– **દિવ્યાશા દોશી,** મુંબઈ સમાચારમાંથી સાભાર

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કંુ.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976**

# શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

## સામાન્ય સભા

**પ્રિય મંજલવાસી ભાઈઓ અને બહેનો,**

આપ સુવિદીત છો કે આપણા ગામના શ્રી ક.વિ.ઓ.જૈન તથા શ્રી ક.દ.ઓ. જૈનને સંગઠીત કરવાની આપણે લીધેલ. જહેમતને કારણે આપણે શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટનું રજીસ્ટર્ડ કરાવેલ છે. તે દ્વારા ગામના ધાર્મિક અને સામાજીક તેમજ બંધારણની કલમ અનુસાર આ કાર્યો આપ સૌના સાથ સહકારથી સંપન્ન કરશું.

શ્રી સંઘના નેજા હેઠળ છેલ્લા બે વર્ષ ની જેમ આ વરસે પણ શ્રી આદેશ્વરજી જિનાલયની **૧૩૫મો ધ્વજા મહોત્સવ તા. ૫ અને ૬ મે ૨૦૧૭**ના ધામધુમથી ઊજવવામાં આવશે. તે માટેની એક મીટીંગ **તા. ૫-૩-૨૦૧૭ને રવિવાર, બપોરે ૩ થી ૫, શ્રી શિતલનાથ જિનાલય, ૧૩૫ મોહમ્મદ મંજિલ, દાદાસાહેબ ફાલકે રોડ, દાદર (ઈસ્ટ), વલકલ NX** ની ઉપર યોજવામાં આવેલ છે.

આ મિટીંગમાં નીચે મુજબના એજન્ડા રાખવામાં આવેલ છે.

૧) આગામી ધ્વજા મહોત્સવની ઊજવણીના કાર્યક્રમની રૂપરેખા ઘડવી.
૨) ઉપરોક્ત ટ્રસ્ટના બોર્ડ ઉપર ૨-૨ માનદ્ કો-ઑપ્ટ સભ્યોની નિમણુંક કરવી.
૩) અત્યારસુધી સંઘના નેજા હેઠળ થયેલ કાર્યવાહીના અહેવાલ અપાશે.
૪) પ્રમુખ શ્રી મંજુરીથી જે રજુઆત થાય તેના પર ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવો.

**નોંધ :** કોરમના અભાવેથી મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ એજ સ્થળે મળશે. તેને કોરમને અભાવ નડશે નહીં.

**– લિ. ટ્રસ્ટીઓ**

## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી આયોજીત ટ્રેડ ફેર (૨) (Exhibition Cum Sale)

**સ્થળ : ઠાકુર હોલ, ડોંબિવલી (પૂર્વ)**
**તા. ૫/૩/૨૦૧૭, રવિવાર સવારના ૯ કલાકથી**

લગભગ ૭૦ થી ૮૦ સ્ટોલ રહેશે **રૂા. ૭૫૦/-** (ક.દ.ઓ જ્ઞાતિજનો માટે), અન્યો માટે **રૂા. ૧૦૦૦/-**

**સુચના :** ૧) બુકીંગ કરાવનાર સ્ટોલ ધારકોને ખાસ ૧૦% ડિસ્કાઉન્ટ પેટે ફુડ કુપન અપાશે. ૨) સ્ટોલ નું બુકીંગ પૈસા ભર્યા પછી જ કાયદેસરનું ગણાશે. ૩) સ્ટોલ બુકીંગ રૂબરૂ મંડળમાં આવી કરાવી જવા વિનંતી. ફોન પર નહી. ૪) બુકીંગ રકમ : નોન ટ્રાન્સફરેબલ તથા નોન રીફન્ડેબલ રહેશે.

૪૨'' સ્ક્રીનપર આપના સ્ટોલની એડ. સવાર થી સાંજ સુધી સતત ચાલુ રહેશે. તેનાં ચાર્જ ક.દ.ઓ. માટે રૂ. ૧૦૦/, અન્યો માટે રૂા. ૨૦૦/- રહેશે. ઈચ્છુક સ્ટોલ ધારકોએ મંડળમાં સંપર્ક કરવો. બેનર ૪'' ૨×૨ રૂ. ૧૫૦૦/- જાહેરાત ઈચ્છુક દાતાઓ મંડળમાં સંપર્ક કરે. (જૂજ સ્ટોલ બાકી છે.)

**વધુ માહિતી માટે મંડળના કાર્યાલયમાં સંપર્ક કરવો.**

**અતુલ ધરમશી** (કન્વીનર) - 09930884141
**હેમંત ધુલ્લા** - 09920556270
**હરીશ શિયાડ** - 09702854854

## સાંધવ ગામનું ગૌરવ




## અભિનંદન

**શ્રીમતી નેહલ ભરત ખોના**

સાંધવ

લિ. **શામજી નરશી દંડ** (સાંધવ)
**ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ)
**વિરચંદ મેઘજી ખોના** (સાંધવ)
**પ્રકાશ માણેકજી લોડાયા (લોખંડવાલા પરિવાર)** સાંધવ

## અભિનંદન



**પ્રબોધ હીરાચંદ મુનવર**

કોઠારા - ભુજ

**આપ ખરા ધરતીપુત્ર**
**મળે વાહ વાહ સર્વત્ર**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**
**જયેશ જૈન, ગોવિંદજી પટેલ,**
**પ્રવિણ લોડાયા, કિરણ દંડ**





।। જય શ્રી અંબાઈ મા ।।

## શ્રી ક.દ.ઓ. જૈન મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા

(ટ્રસ્ટ રજી નં. એ. ૧૮૨૭/કચ્છ)

અંબામા મંદિર, પટેલ ફળિયો, તેરા (તા. અબડાસા, કચ્છ) - ૩૭૦ ૬૬૦. ફોન : ૦૨૮૩૧-૨૮૯૨૫૧
**મુંબઈ ઓફીસ :** શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, કલકતાવાલા બીલ્ડીંગ, ૨જે માળે, ૧૩૭, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૯.

## ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકો જોગ

આપણા કુળદેવી મા અંબાઈમાની ૨૧મી સમૂહ પહેડી હંમેશ મુજબ ગુડીપડવાના શુભ દિવસે મંગળવાર, **તા. ૨૮-૩-૨૦૧૭ના સવારના ૯.૦૦ કલાકેથી શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘની શ્રી નારાણજી શામજી મહાજનવાડી, ૪૫૨/૪૫૩ ભાઉદાજી રોડ, મહેશ્વરી ઉદ્યાન પાસે, માટુંગા (સે.રે.) ખાતે પહેલે માળે યોજવામાં આવેલ છે. સૌ ભાવિકોને સમયસર પધારી કુળદેવી અંબાઈમાની આરાધના/અર્ચનામાં જોડાવા વિનંતી છે.**

**સરસ્વતી સન્માન માટે વર્ષ ૨૦૧૫-૧૬ શૈક્ષણિક વર્ષમાં SSC તથા HSC (પ્રથમ બે) એવં ગ્રેજ્યુએટ કે તેની સમકક્ષ કે ઉપરની પરીક્ષા પસાર કરેલ મોતા પરિવારના યુવક/યુવતીઓએ તા. ૧૦-૦૩-૨૦૧૭ સુધી પોતાની માર્ક લિસ્ટની નકલ TAN-MAN TOURS & TRAVELS,** A-19-20, Monani Sadan, (Bhujbal Niwas) 169/70, J. N. Road, Mulund (West), Mumbai - 400 080. સરનામે મોકલી આપવા વિનંતી છે. Email: tanmantours@gmail.com

-: સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર :-
**માતુશ્રી ખમાબેન પદમશી મોતા** - હસ્તે સૌરભ તથા ગૌરાંગ હિતેન્દ્ર મોતા (વાંકુ - મઝગામ)

**માતાજીની સમૂહ પહેડીમાં કાળા કપડા પહેરવા નહિં અને યોગ્ય વસ્ત્ર પરિધાન કરવા.**

લિ. ક.દ.ઓ મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા
ટ્રસ્ટીઓ

# દોરી વિનાનાં બંધન....

- ચંદ્રિકા લોડાયા



'બાપુ, ચા લાવી છું.' કહેતાં પ્રીતિએ ટેબલ પર કપ-રકાબી મૂક્યાં ને હળવેકથી જગતરાયના હાથમાંનું છાપું લઈ લીધું. જગતરાયે રકાબીમાં ચા રેડી એટલે પ્રીતિ એમની સામેની ખુરશી પર બેઠી.

'પ્રીતુ, ચા કેમ નથી પીતી? શા વિચારમાં છે?' પ્રીતિ પોતાના કપને હાથ લગાડ્યા વિના ચૂપચાપ બેઠી હતી એટલે જગતરાયે પૂછ્યું.

પ્રીતિએ કંઈ બોલ્યા વિના કપ હાથમાં લીધો. વળી જરા વાર વિચાર કરી અચાનક તેણે પૂછ્યું :

'તમને નથી લગતું બાપુ, હવે હું મોટી થઈ ગઈ છું?'

'અચ્છા, એટલે હવે તારા માટે જલદી મુરતિયો શોધવા માંડું એમ જ ને?' જગતરાયે હસીને કહ્યું.

'ઊંહ બાપુ....' શરમાઈને પ્રીતિ બોલી.

'હું એમ કહેતી હતી કે હવે તમારે મારાથી કેટલીક વાતો છુપાવવી ન જોઈએ.'

પ્રીતિ કઈ વાતનો નિર્દેશ કરતી હતી એ જગતરાય સારી પેઠે જાણતા હતા એટલે 'કઈ વાત' એમ પૂછવાને બદલે એમણે કહ્યું :

'આજે ચામાં દૂધ બહુ છે, પ્રીતુ!'

'ઉતાવળમાં જરા વધારે રેડાઈ ગયું, પણ બાપુ...'

'તેં આજનું છાપું વાંચ્યું? જો....'

'બાપુ, તમે વાત ગમે તેટલી ઊંધે પાટે ચડાવો પણ આજે હું મૂળ વાત નહીં ભૂલું હો!' પ્રીતિએ મક્કમતાથી કહ્યું.

જગતરાય પ્રીતિ સામે જોઈ રહ્યા. થોડીવાર વિચાર કરી, જરા ટટ્ટાર થઈ બોલ્યા :

'બોલ, તારે શું પૂછવું છે?'

પ્રીતિ હસી પડી.

'મારે કંઈ તમારી ઊલટતપાસ નથી લેવી. પણ મને સાચો જવાબ આપજો હં? બા તમને છોડીને શા માટે ચાલી ગઈ? એને એવી તે કઈ ઊણપ તમારામાં દેખાઈ, બાપુ?'

'એ મને છોડીને નહોતી ગઈ, પ્રીતુ!'

'તો?' અધ્ધર શ્વાસે પ્રીતિએ પૂછ્યું.

'મેં જ એને છૂટાછેડા આપ્યા હતા.'

'પણ શા માટે?'

'એનો એક ઈતિહાસ છે, બેટા! પણ તું એમાં ઊંડે ન ઊતરે તો સારું.'

'ઈતિહાસ હોય કે ભૂગોળ, આજે તો બધું જાણીને જ રહેવાની. લોકો ગમે તેમ વાતો કરે છતાં મને ખબર સુદ્ધાં ન હોય એ હું નહીં સાંખી લઉં.'

પ્રીતિના સ્વરમાં નિર્ણયાત્મક રણકાર હતો. જગતરાય આજે પ્રીતિને ટાળી શકે એમ નહોતા. છતાં થોડીવાર કંઈ બોલ્યા વિના એ ધીમે ધીમે ચા પીતા રહ્યા. સામે પ્રીતિ પણ જલદી કપ ખાલી કરી લઈ ઉત્સુકતાપૂર્વક ખામોશ બની બેસી રહી. બાને પ્રત્યક્ષ જોવાનું કદી બન્યું નથી અને બાપુને કદાચ ઓછું આવે એ ડરે એવી ઈચ્છા પ્રદર્શિત પણ નથી કરી.

'પ્રીતુ!' છેવટે મૌનભંગ કરી જગતરાય બોલ્યા, 'વાત તો નાની સરખી જ છે. મારાં અને સુશીલાનાં લગ્ન પહેલાં એની ઈચ્છા બીજે જોડાવાની હતી પરંતુ અમુક સંજોગોને લીધે સુશીલાનાં લગ્ન એના પ્રિયતમ સાથે થઈ ન શક્યાં. તારો જન્મ થયો ને ત્રણેક વર્ષ અમે શાંતિથી ગાળ્યાં, પણ પાછળથી સુશીલા બેચેન રહેવા લાગી. એને ઘરમાં ક્યાંયે ગોઠતું નહીં. એનો પ્રિયતમ ટી.બી.ના લાસ્ટ સ્ટેજમાં

*બધું જલદી શીખવવાના તારા આયાસ રહેવા દે,*
*એ બાળક છે એના ખુલ્લાપણાના શ્વાસ રહેવા દે.*

હતો. મને ખબર પડતાં મેં સુશીલાને એની સારવાર કરવા જવા દીધી, મારા કરતાં એની ત્યાં વધુ જરૂર હતી. સુશીલાના તનતોડ પ્રયત્નોને લીધે એ જીવી ગયો ને પછી તો મેં સ્વેચ્છાએ ડાયવોર્સ દઈ બંનેને એક થવા દીધાં.'

જગતરાય ચૂપ થઈ ગયા. પ્રીતિ ગાલે હાથ ટેકવી એમ ને એમ બેસી રહી. હજુ એને ઘણું ઘણું સાંભળવું હતું. આ તો ક્ષુધાતુર માટે પ્રથમ કોળિયા સમાન હતું. પરંતુ જગતરાય તો કંઈ વધુ પડતું કહી નાંખ્યું હોય એમ વિચારમાં ગરકાવ થઈ ગયા હતા એટલે પ્રીતિએ જ પૂછવું પડ્યું :

'બાએ મને સાથે લઈ જવાની ઈચ્છા દર્શાવી હશે, નહીં ?'

'કોઈ પણ જનેતાની જેમ એ પણ પોતાના સંતાનને નજીક રાખવા ઈચ્છે એ સ્વાભાવિક છે.'

પ્રીતિ કળી ગઈ. જગતરાય બહુ ઊંડાણમાં જવા નહોતા માગતા. ચાતકની જેમ રાહ જોયા પછી માત્ર બુંદથી ચલાવી લેવા તે તૈયાર નહોતી.

'મને થાય છે એકવાર હું બાને મળી આવું.'

'શું ?'

જગતરાયનો સ્વસ્થતાનો અંચળો ક્ષણભર સરકી ગયો. પ્રીતિ અચાનક આવી માગણી કરશે એવી એમને કલ્પના જ નહોતી. પણ તરત ફરી મોં પર સ્વસ્થતાનું લીંપણ લીંપી એમણે કહ્યું :

'ભલે, કોઈકવાર જઈ આવજે.'

પ્રીતિની ચકોર આંખોએ જગતરાયના મુખ પરનો ક્ષણિક ફેરફાર તરત પકડી પાડ્યો હતો. વળી પ્રીતિએ ધડાકો કર્યો :

'કોઈકવાર નહીં, આજે જ. તમે કહેતા હો તો આજે જઈ આવું, બાપુ!'

જગતરાય હવે ખરેખર ચોંકી ગયા. તેમને લાગ્યું જે ઘડીને તેઓ લંબાવ્યે જ રાખતા હતા તે હવે નજદીક આવી ગઈ હતી. છતાં આટલા દિવસ છીપમાંના મોતીની જેમ બંધ રાખેલી વાતને તેઓ સહેલાઈથી ઉઘાડી પડવા દઈ શકે તેમ નહોતા.

'તું એકલી શી રીતે જઈશ ? એમનું ઘર પણ તેં જોયું નથી.'

'પૂના રહે છે એટલી ખબર છે, ને એડ્રેસ તો તમે આપશો ને ? એડ્રેસ નથી એમ તમે નહીં કહી શકો.'

જગતરાયે પ્રીતિના ચહેરા તરફ જોયું. એના દાંત નીચે નીચલો હોઠ જરા દબાયેલો હતો ને આંખોમાં નિશ્ચય અને આતુરતા હતાં. પ્રીતિ હવે સમજદાર હતી, પુખ્ત હતી. એના જીવનને સ્પર્શતી વાત જાણવાનો એને અધિકાર હતો. જગતરાય એને હવે ના પાડી શકે તેમ નહોતા.

'સારું બેટા, તું બેગ તૈયાર કર. હું તને એડ્રેસ લખી આપું.'

જગતરાય ઝપડથી અંદરના રૂમમાં ચાલ્યા ગયા. પ્રીતિ વિચારમાં પડી ગઈ. બાપુ હજુ દિલ ખોલી વાત નહોતા કરતા. બધું જાણવું હોય તો બાપુને પસંદ ન હોય તોપણ બા પાસે જ જવું પડશે. હંમેશાં બાપુનો વિચાર કરતાં પ્રીતિ વધુ પૂછવાનું માંડી વાળતી પણ આજે એની આતુરતાએ બીજા બધા વિચારોને આવરી લીધા.

બહુ ઝડપથી પ્રીતિ તૈયાર થઈ ગઈ. એના ના કહેવા છતાં જગતરાય એને સ્ટેશને મૂકવા ગયા. આખે રસ્તે પ્રીતિ વિચારમગ્ન હતી એટલે જગતરાયની વ્યથા પર એનું વધુ ધ્યાન ન ગયું, છતાં એમનો ચહેરો જોઈ ટ્રેન ઊપડતા પહેલાં એનાથી કહ્યા વિના ન રહેવાયું:

'ચિંતા ન કરતા, બાપુ! બે દિવસમાં તો આવી જઈશ.'

'નિરાંત તો બેટા, તને પાછી જોઈશ ત્યારે જ થશે.'

'તો મારે જવું નથી, બાપુ!' પ્રીતિએ ખરેખર ટ્રેનમાંથી ઊતરવાની તૈયારી સાથે કહ્યું.

'તારા કેટલાયે પ્રશ્નોને મેં આટલાં વર્ષો સુધી દાબી રાખ્યા છે, આજે એવું નથી કરવું. હું તને પૂરેપૂરું કદી નહીં કહી શકું.'

પ્રીતિનું મન બે બાજુ વહેંચાઈ ગયું. બાપુને જોતાં પૂના જવાનો વિચાર માંડી વાળવાની ઈચ્છા થતી હતી તો રાખ ઊડી જવાથી વધુ વેગે પેલા

*મને પામે જો વિસ્મયથી હું પળમાં ઊભરી આવું,*
*ગણિતની જેમ મારો અટપટો અભ્યાસ રહેવા દે.*

જિજ્ઞાસાના અંગારા પ્રજળી ઊઠ્યા હતા. છેવટે ટ્રેન શરૂ થઈ ત્યાં સુધી શું કરવું એ તે નક્કી ન કરી શકી.

પૂના પહોંચતાં પ્રીતિને ઘર તરત જ મળી ગયું. નોકરે બારણું ખોલતાં તે અંદર ગઈ. બહારના રૂમમાં એક આધેડ વયની, જરા ભરાવદાર સ્ત્રી બારણામાંથી કોણ પ્રવેશે છે તેની રાહ જોતી ગૂંથવાનું અટકાવી બેઠી હતી. અંદર જતાંની સાથે જ તે કાંઈ પૂછે તે પહેલાં પ્રીતિએ પૂછ્યું :

'તમે જ સુશીલાબહેન પારેખ ને ?'

'હા, કેમ ?'

પ્રીતિ જવાબ આપ્યા વિના ચૂપચાપ ઊભી રહી એટલે વળી તેણે કહ્યું : 'મેં તમને ન ઓળખ્યાં.'

'હું પ્રીતિ.'

'પ્રી...તિ....!'

હાથમાંથી ગૂંથવાનું ફેંકી સુશીલા પ્રીતિ તરફ દોડી અને એને બાથમાં લેતાં બોલીઃ

'કેટલી મોટી થઈ ગઈ તું તો ! તને છેલ્લે જોઈ ત્યારે તો સાવ આવડીક હતી !'

તરત કંઈક ખ્યાલ આવતાં પ્રીતિને છોડી બીજા રૂમ પાસે જતાં તેણે હાંક મારી :

'જુઓ તો, કોણ આવ્યું છે ?'

'કોણ ?' કહેતાં એક મધ્યમ કદનો માણસ બહાર આવ્યો.

'આપણી પ્રીતિ આવી છે.' ઉત્સાહભેર સુશીલાએ કહ્યું.

ને હરકાન્તે-સુશીલાના પતિએ-પણ પ્રીતિને સુશીલા જેવા જ ઉમળકાથી વધાવી. હરકાંત તરફથી પ્રીતિએ આવા આવકારની આશા નહોતી રાખી.

થોડીવારમાં ત્રણે નાસ્તાના ટેબલ પર ગોઠવાયાં.

'અમને હતું જ, તને ખરી હકીકતની ખબર પડતાં તું અહીં આવ્યા વિના નહીં રહે.' હરકાંતે કહ્યું.

'મને બાને મળવાની ઈચ્છા તો ઘણા વખતથી હતી, પણ આજે સાચું કહું તો હું બધું જાણવા જ આવી છું. બાપુ મને લાગે છે કે કંઈ કહેવા ઈચ્છે છે છતાં સ્પષ્ટ કહી શકતા નથી.'

'તો તને હજુ કાંઈ ખબર નથી ?' સુશીલા અને હરકાંતે એક સાથે પૂછ્યું.

'શું ?' પ્રીતિ મૂંઝવણમાં પડી ગઈ.

સુશીલા અને હરકાન્ત એકબીજા સામે જોઈ રહ્યાં.

આ દિવસો દરમ્યાન બાપુએ નિરાંત ખાધું પણ નહીં હોય. જો પોતે આ જાણતી હોત તો આમ પૂના ન જાત. પ્રીતિ આંખો બંધ કરી, માથું સીટ પર ઢાળી બેઠી હતી. પૂના હવે દૂર ને દૂર જઈ રહ્યું હતું. એના વિચાર જગતરાયની આસપાસ જ ભમી રહ્યા હતા.

આઝાદી મળ્યે ત્રણેક વર્ષ થવા આવ્યાં હતાં. જગતરાયે આઝાદીની લડતમાં સારો એવો ભાગ લીધેલો ને આઝાદી મળ્યા પછી પણ સાદું જીવન જીવતા. એક વખત રોજની જેમ વહેલી સવારે તેઓ ફરવા નીકળ્યા ત્યારે અચાનક ઊંચા પર્વત પરથી કૂદવાની તૈયારી કરતો એક ઓળો તેમની નજરે ચડ્યો. પાસે જઈ ઝડપથી એમણે એ સ્ત્રીને પકડી લીધી. થોડા ધમપછાડા બાદ એ શાંત થઈ ગઈ એટલે જગતરાયે પૂછ્યું:

'શું નામ તમારું ?'

'સુશીલા.'

'આટલી નાની ઉંમરમાં જગત પર વૈરાગ્ય શા માટે આવી ગયો ?' પણ સુશીલા હજુ ટીખળ માટે તૈયાર નહોતી. એની આંખમાં આંસુ ધસી આવ્યાં.

'હું કુંવારી છું ને....' એણે એક ડૂસકું ખાધું.

'સમજ્યો. બાળકનો પિતા લગ્ન કરવાની ના પાડે છે ?'

સુશીલાએ ચૂપચાપ ડોક હલાવી.

સુશીલા સાથે થોડીઘણી ચર્ચા અને સમજાવટ પછી જગતરાયે સુશીલા સાથે લગ્ન કરવાનું નક્કી કરી આવનાર બાળકની જવાબદારી લેવાનું પણ કબૂલ્યું. સુશીલાને તો આ બધું જાણે સ્વપ્ન જેવું લાગતું હતું. એ જ અઠવાડિયે બંનેનાં લગ્ન થઈ ગયાં. સુશીલાનું જીવન ટૂંક સમયમાં થાળે પડી ગયું. સુશીલા જગતરાયને મનોમન દેવ માની પૂજતી છતાં જે એક આછીશી ફડક મનમાં રહેતી એ પણ પ્રીતિના

*જરા તું દોસ્તોની ખાનદાનીનો મલાજો કર, બધાની હાજરીમાં એમનો ઉપહાસ રહેવા દે.*
*વધારે હોય પૈસો યાર તો માણસને ઊભા કર, તું ઈશ્વરનાં નવાં મંદિર, નવા આવાસ રહેવા દે.*

જન્મ પછી દૂર થઈ ગઈ. પ્રીતિની કાળજી સુશીલા કરતાં જગતરાય વધારે રાખતા. પ્રીતિ એમનો શ્વાસ-પ્રાણ હતી, આંખોનું ઓજસ હતી. પ્રીતિમાં જ એમનો સમગ્ર સંસાર સમાઈ જતો.

સુશીલા શરૂશરૂમાં જગતરાયનું પ્રીતિ પ્રત્યેનું અખૂટ વાત્સલ્ય જોઈ આનંદિત થતી પરંતુ ધીમે ધીમે એને પ્રતીત થવા લાગ્યું. જગતરાયના જીવનનું કેન્દ્ર માત્ર પ્રીતિ જ હતી, કદાચ એમાં સુશીલાને કોઈ સ્થાન નહોતું. અથવા તો એકાદ નાનકડા ખૂણામાં હતું. સુશીલાને હવે જીવન શુષ્ક લાગવા માંડ્યું. ભીષણ તોફાનનો મહાભય વટાવ્યા બાદ એમનું સ્થાન અવિચળ રહેવા છતાં માત્ર પ્રભુ જ સતત યાદ નથી આવતા એવું જ સુશીલાનું થયું.

જગતરાય ઘરે હોય તે દરમ્યાન પ્રીતિમાં ભલે ગૂંથાયેલ રહેતા પરંતુ અચાનક થોડા દિવસથી સુશીલા પરેશાન રહેવા લાગી હતી એ એમના ધ્યાન બહાર નહોતું. એમણે એક દિવસ પૂછ્યું :

'સુશીલા, હમણાંથી તારી તબિયત બરાબર નથી રહેતી કે શું ?'

'ના, તબિયત તો બરાબર છે.'

'તો પછી રોજ આટલી બધી વ્યગ્ર કેમ દેખાય છે ? મનની વાત મને નહીં કહે ?'

સુશીલાને મનની વાત જગતરાયને જ તો કહેવાની હતી. એને લાગતું હતું જાણે એ દેવપુરૂષની છાયામાં પણ એના હૃદયમાં મલિનતા પ્રવેશતી જતી હતી. જગતરાયની પાસે જે તરત જ કહી દેવું જોઈતું હતું તે હજુ સુધી તે કહી શકી નહોતી.

'ગયા મંગળવારે હું ભાભીની ખબર કાઢવા હૉસ્પિટલમાં ગઈ હતી ત્યારે ત્યાં મે હરકાંતને જોયા. એમને ટી.બી. થયો છે, ને લાસ્ટ સ્ટેજમાં છે. હું ત્યાંથી ચાલી જતી હતી પણ એમણે મને આજીજી કરી પાસે બોલાવી અને સીધા જ રડી પડ્યા. ખૂબ જ પશ્ચાતાપ કર્યો પણ મેં કહ્યું, હવે એ બધું નકામું.'

'તો પછી તું રોજ મૂંઝાય છે શા માટે ? તારે એને ફરી મળવા જવું છે ?'

'એવું હોત તો મને આટલી પરેશાની ન થાત. હું તે દિવસે તો એમની વાતનો કંઈ પણ જવાબ દીધા વિના ચાલી આવી પણ ઘરે આવ્યા પછી મૃત્યુને કિનારે પહોંચેલા હરકાન્ત જ મને દેખાતા રહ્યા. બીજા દિવસે હું એમને મળ્યા વિના ન રહી શકી, અને હવે રોજ જાઉં છું. મને થાય છે એ આટલા માંદા હોય ત્યારે જો એક વખત મારો એમના પર ખરો પ્રેમ હોય તો થોડી ઘણી પણ કાળજી લેવી જોઈએ. એમનો પસ્તાવો ખરા હૃદયનો છે છતાં તમને કંઈ કહી શકતી નહોતી એટલે મનોમન મૂંઝાતી હતી. આજે તમે સામેથી પૂછ્યું એટલે સારું થયું.'

'હવે શું કરવું છે ?'

'કરવાનું શું હોય ? હું આ સારું નથી કરતી એમ જાણતી હતી છતાં....'

'નહીં, તે કંઈ ખોટું કર્યું નથી, સુશીલા!'

ને સુશીલા મરજી કે નામરજી નક્કી કરી શકે તે પહેલાં જગતરાયે એને અતિ આગ્રહપૂર્વક હરકાન્ત સાથે પંચગિની મોકલી. હરકાન્તના બુઝાતા જતા જીવનદીપમાં જાણે નવું તેલ પુરાયું અને એક દિવસ એ સંપૂર્ણ તંદુરસ્ત થઈ ગયો. જગતરાયે એ દરમ્યાન પાકો નિશ્ચય કરી રાખ્યો હતો. હરકાન્ત-સુશીલા પંચગિનીથી આવ્યાં એટલે તરત જ જગતરાયે સુશીલાનો હાથ હરકાન્તના હાથમાં સોંપ્યો. બંનેએ ઘણી આનાકાની કરી. સુશીલા જગતરાયને એકલા છોડી જવા તૈયાર નહોતી પણ જગતરાય સુશીલાના પ્રેમનું વહેણ જાણતા હતા. એમણે એને રોકતી ફરજની દીવાલ તોડી નાખી. માત્ર એક શરત-વિનંતી કરી. પ્રીતિને પોતાની પાસે રાખી જવાની અને એને ક્યારેય મળવા નહીં આવવાની. સુશીલાને પહેલી વાત મંજૂર હતી, બીજી નહીં. પણ તે જગતરાયની લાગણી જાણતી હતી તેથી જરા કચવાતા દિલે સંમતિ આપી.

સુશીલા અને હરકાન્તે છુપાવ્યા વિના બધી જ વાતો પ્રીતિને કહી હતી. વાત સાંભળી પ્રીતિએ તરત જવાનો નિર્ણય લીધો. એને રહેવાનો આગ્રહ કરતાં સુશીલા-હરકાન્તને એણે કહ્યું :

**(અનુસંધાન પાના ૧૫ ઉપર)**

*તને પૂછ્યું છે તારું નામ ખાલી નામ બોલી દે,*
*તું તારા સાત કુળનો વૈભવી ઈતિહાસ રહેવા દે.*
*- હિતેન આનંદપરા*

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સાગર જગદીશ ધુલ્લા (PS 7260)** | ૩, સિતારામ એપાર્ટમેન્ટ્સ, ૧લે માળે, રોડ નં. ૩, પટેલ કોલોની-૧૨, બટેકાની ખાડ પાસે, જામનગર - ૩૬૧ ૦૦૮. મો.: ૯૭૩૭૪ ૧૮૯૭૮ |
| **મંગલ નવીનચંદ કુરૂવા (PS 6849)** | ઈ-૧૫૩, દીપિકા સોસાયટી-૨, કારેલી બાગ, પાણીની ટાંકી પાસે, વડોદરા - ૩૯૦ ૦૧૮. મો. : ૯૪૨૧૪ ૦૫૪૪૫ |
| **મેહુલ શાંતિલાલ દંડ (PS 1706)** | ૧૪૦૫, માપલે ટાવર-૨, એમ. જી. લીન્ક રોડ, ફોર્ટીસ હોસ્પીટલ પાસે, મુલંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: નીલમ ૯૩૨૦૪૧૭૯૫૧, પુરવી ૯૦૨૨૩ ૪૪૪૫૪ |
| **અજય વિરચંદ દંડ (PS 6413)** | C/o. નરેશ શાહ, એ-૫/૧૨, શાંતિવન સોસાયટી, જુના જકાત નાકા, પી એન્ડ જી જ્વેલર્સ પાસે, ચિંચવડ, પુણે-૪૧૧ ૦૩૩. મો.: ૯૭૬૬૦ ૮૭૦૭૧ |
| **યતીશકુમાર હિરાચંદ છેડા (PS 6410)** | ડી-૯૦૧, એમએસઆર ક્વીન્સ ટાઉન કો.હા.સો., ચિંચવડ રેલ્વે સ્ટેશન પાસે, ઉદ્યોગ નગર, ચિંચવડ, પુણે - ૪૧૧ ૦૩૩. મો.: ૯૩૭૧૦ ૧૭૪૦૪ |
| **પારસ પ્રવીણચંદ કુરૂવા (PS 7297)** | એફ-૨, સુમતી સાહ નિવાસ, કલાનગર, બાલાજી ઓટો પાસે, બાયપાસ રોડ, સાંગલી - ૪૧૬ ૪૧૬. મો.: ૯૦૪૯૭ ૨૭૧૧૧ |
| **વિનોદ માણેકજી મૈશેરી (PS 4590)** | લક્ષ્મી નિવાસ, નેમીચંદ સ્ટ્રીટ, ગંજ પાડા, રાયપુર - ૪૯૨ ૦૦૯. મો.: ૯૪૨૫૨ ૦૭૨૫૧ |

## દોરી વિનાનાં બંધન.... (અનુસંધાન પાના ૧૪ થી ચાલુ)

'બાપુની હાલત અત્યારે કેવી હશે એ તમને નહીં સમજાય. આજે મને સમજાય છે. બાપુ મને શા માટે સરખી વાત નહોતા કરી શકતા. હવે તો મારે વહેલામાં વહલી તકે એમને મળવું જોઈશે.'

હરકાન્ત અને સુશીલાને બીજું કંઈ સંતાન નહોતું. પ્રીતિને હજુ ધરાઈને નીરખી પણ નહોતી એ પહેલાં એ બીજે જ દિવસે ચાલી ગઈ ત્યારે ગળગળા બની ગયેલા હરકાન્ત કે રડી રહેલી સુશીલાથી ટ્રેન ઊપડી ત્યાં સુધી પ્રીતિને કંઈ કહેવાયું જ નહીં.

પ્રીતિ વિચારતી હતી, બાપુના ઉપકારોને લીધે હરકાન્ત અને સુશીલા ભલે મોઢેથી બોલ્યાં નહોતાં પણ મનમાં જરૂર ઈચ્છતાં હતાં કે પ્રીતિ હંમેશ એમની સાથે રહે. પણ પ્રીતિને કોણ જાણે ત્યાં ગૂંગળામણ થતી હતી. ત્યાં બા હતી, સગા પિતા હતા છતાં બાપુ નહોતા. એ બાપુ કે જેમણે એને 'પ્રીતુ' સિવાય બીજા નામે કદી બોલાવી નહોતી. અઢી દિવસથી હંમેશ કાનમાં ગુંજ્યા કરતું એ સંબોધન સાંભળ્યું નહોતું. પ્રીતિ જગતરાયને મળવા ઉતાવળી થઈ ઊઠી.

જગતરાયને આશંકા હતી : પ્રીતિ પંદરેક દિવસ પહેલાં પાછી નહીં આવી શકે. ને આવશે ત્યારે એની નજર સાથે નજર મેળવવાનું સાહસ પોતાનામાં હશે ખરૂં? નિરંતર જે બીકે વાતને ગોપિત રાખ્યે જતા હતા એ જ થઈને ઊભું રહેશે?

પ્રીતિના ગયા પછી સતત તર્કવિતર્ક લડાવ્યા કરતા જગતરાય પ્રીતિને આટલી જલદી પાછી ફરેલી જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા.

'બોલો બાપુ, બે દિવસથી બરાબર ઊંઘ્યા નથી ને? ને આજે તો ઑફિસે પણ નથી ગયા ને શું?' પ્રીતિએ આવતાંવેંત જ ઊઘડો લેવા માંડ્યો.

એ હંમેશની પ્રીતિ જ હતી. કેવી વહાલસોઈ ને મીઠડી! જગતરાયના કંઠમાંથી માંડ માંડ ઉચ્ચાર નીકળ્યો : 'પ્રીતુ....'

'તમને ખબર છે તમારા આ સંબોધન માટે હું ગમે તે ત્યજી શકું છું, બાપુ?'

'ને તારું આ સંબોધન સાંભળવા હું પણ....'

'ગમે તેટલું છુપાવી શકો છો. જાઓ, તમને માફ કર્યા, બાપુ!' પ્રીતિ હસતાં બોલી, ને તરત જરા ગંભીર થઈ ઉમેર્યું :

'પણ એક ફરિયાદ કરવાની રહે છે.'

'શું?'

'બાપુ, માત્ર તમે જન્મદાતા નથી એટલું જાણવાથી શું તમારી પ્રીતુ બદલાઈ જાત?'

જગતરાય ક્યાં આ નહોતા જાણતા? છતાં પણ જીવનમાં જે એક વ્યક્તિને મન ભરીને ચાહી છે તેને ગુમાવવાની કોઈ પણ તક તેઓ આવવા દેવા નહોતા માગતા.

'ને એક વાત કહું? તમારું સ્થાન મારા હૃદયમાં ઊંચે તો હતું જ, પણ હવે જો કોઈ ઉચ્ચતમ શિખર હોય તો ત્યાં પહોંચ્યું છે.'

જગતરાયને પણ ઘણું કહેવું હતું છતાં હોઠે શબ્દો જ ન આવી શક્યા. એમણે પ્રીતિને પાસે લીધી ને એનું માથું સૂંઘ્યું.

* * *

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### નલીનપુર નારી નિગમ

નલીનપુર નારી નિગમ તા. ૨૮-૧-૨૦૧૭નાં રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડ ખાતે કરવામાં આવી હતી. બધાજ સભ્યો ત્રિરંગી વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા. 'ઇલાયચી કુમાર'ની નૃત્ય નાટિકા જે નલિયાનાં પંચાન્હિકા મહોત્સવમાં રજુ કરવામાં આવી હતી તેજ, જે બહેનો મહોત્સવ પ્રસંગે હાજર રહી શકી ન હતી તેમના માટે તેની વીડીયો ક્લિપ રજુ કરવામાં આવી હતી.

અમુક સભ્યો ઘરે થી ત્રિરંગી મીઠાઈઓ, ત્રિરંગી ફૂલો અને વિવિધ વસ્તુ બનાવી લાવ્યા હતા જે પ્રદર્શિત કરવામાં આવી હતી. પ્રજાસત્તાક દિન અને ભારતનાં બંધારણ વિશે કવીઝ રમાડવામાં આવી હતી. જેમાં પ્રથમ જયશ્રી જૈન અને દ્વિતીય રીતીકા મોમાયાને પારિતોષિક અપાયા હતા. છ બહેનોનું ગ્રુપ બનાવીને તેમને વિવિધ સામ્રગી આપવામાં આવી હતી અને સુંદર વસ્તુઓનું સર્જન બહેનોને કર્યું હતું. તે દરેક ગ્રુપને પારિતોષિક આપવામાં આવ્યા હતા.

### શ્રી કુંથુનાથ મહિલા મંડળ, રાયપુર

શ્રી કુંથુનાથ મહિલા મંડળ, રાયપુરના અગામી ત્રણ વર્ષ ૨૦૧૭-૧૮-૧૯ માટે પદાધિકારી તથા કારોબારી સમિતિ ની નિમણુંક મંજુલાબેન કુલિનકાન્ત જીવાણીની અધ્યક્ષતામાં કરવામાં આવી. સર્વાનુમતે નીચે મુજબ પદાધિકારીઓને નિમવામાં આવેલ : (૧) ગીતા હરીશ લોડાયા - પ્રમુખ, (૨) પ્રભા ગીરિશ રિયાડ - ઉપપ્રમુખ, (૩) ઉષા દિનેશ મોમાયા - મા. સચિવ, (૪) પ્રિતિ પ્રવિણ મૈશેરી - મા. સહ. સચિવ, (૫) કલ્પના ચેતક લોડાયા - ખજાનચી.

તા. ૧૫-૧-૨૦૧૭ના દેરાસરમાં સ્નાત્રપૂજા મંડળની બહેનો દ્વારા ભક્તિભાવ થી કરવામાં આવેલ.

તા. ૧-૨-૨૦૧૭ના વસંત પંચમી નિમિત્તે ધાર્મિક કલાસ રાખવામાં આવ્યા હતા. સરસ્વતી માતાના જાપ, સ્તુતિ, સ્તવન વિ. ની સાથે ''પ્રભુને પત્ર'' લખવાની ગેમ ગીતા હરીશ લોડાયા દ્વારા રમાડવામાં આવા જેમાં પ્રથમ - (૧) ચંદાબેન શાહ અને (૨) હેમલ શાહ તથા દ્વિતીય (૧) પ્રભાબેન શાહ અને (૨) મંજુલાબેન રહ્યા.

### કચ્છની શ્રેષ્ઠ સંસ્થાને ''ઝીલ'' એવોર્ડ માનવજ્યોત ભુજને અર્પણ કરાયો



માતુશ્રી જેઠીબાઈ ધરમશી સ્મૃતિ પ્રતિષ્ઠાન, ફરાદી-કચ્છ દ્વારા કચ્છની શ્રેષ્ઠ સંસ્થાનું ''ઝીલ એવોર્ડ'' માનવજ્યોતનાં શ્રી પ્રબોધ મુનવરને સન્માનપત્ર, મોમેન્ટો અને રોકડ પુરસ્કાર અર્પણ કરી કચ્છની શ્રેષ્ઠ સંસ્થાનું ''ઝીલ એવૉર્ડ'' અર્પણ કરવામાં આવેલ.

### કોઠારા જિનાલયની વર્ષગાંઠ ઉજવાઈ

કોઠારા જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે યોજાયા હતા. પૂ. મુનિરાજ કંચનસાગરજી મ.સા.એ નિશ્રા આપેલ.

મુળનાયક શાંતિનાથ પ્રભુજીની ધ્વજાનો લાભ માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર, આદેશ્વર પ્રભુજીની ધ્વજાનો વીરચંદ માણેકજી મૈશેરી પરિવાર તથા મુનિસુવ્રતસ્વામિ પ્રભુજીની ધ્વજાનો લાભ હીરજી નરશી લોડાયા પરિવારે લીધો હતો. પૂજામાં સંગીતકાર રફીક ઝેરીયાએ રમઝટ જમાવી હતી. ધ્વજારોહણની વિધિ જયાશંકર મારાજે કરાવી હતી.

મુરજીભાઈ શાહ, હીરાલાલ જીવાણી, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, રમણિક શાહનંદ, મુલચંદ મુનવર, ગુલાબ મોતા, પ્રદિપ મુનવર, દામજી નાગડા તથા સમાજવાસીઓ અને આજુબાજુનાં ગામવાસીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિવાત્સલ્ય ખેતશી દેવશી દંડ પરિવાર દ્વારા યોજાયું હતું. આભાર દર્શન પ્રબોધ મુનવરે કરેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## સીનીયર સીટીઝન યાત્રા અહવાલ

શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી આયોજીત ૧ દિવસીય સીટીઝન ૧૩૩ યાત્રિકો સાથેની ત્રણ બસો સાથેનું યાત્રા પ્રવાસ ૧૨-૨-૨૦૧૭ના યોજાયું હતું. માતુશ્રી દમયંતી રતનશી લોડાયાની પ્રેરણાથી શ્રી તરૂણભાઈ રતનશી લોડાયા પરિવાર, પુના-સાંયરા તેમજ નિર્મલાબેન મુકેશ મોમાયા પરિવાર, વરાડીયા તરફથી યોગદાન મળ્યું હતું.

પનવેલમાં શ્રી શીતલનાથ ભગવાનનું પ્રાચીન દેરાસરના, કળશ મંદિરના, તલેગાવનું શ્રી પાર્શ્વ પ્રગ્નાલય ૫૨ જિનાલય, લોનાવાલાના શ્રી સહસ્ર ફણા પાર્શ્વનાથ જિનાલય આદિના મનોહર નારાયણીદેવી ટેમ્પલના દર્શન કર્યા હતા.

## શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ, વડોદરા

શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરાની તા. ૨૬-૧-૨૦૧૭ની જનરલ સભામાં કારોબારી સભ્યો તથા કો-ઑપ્ટ સભ્યોની નિમણુંક થઈ. તા. ૫-૨-૨૦૧૭ના કમિટીની મિટીંગમાં નીચે મુજબ હોદેદારો નક્કી કરવામાં આવેલ.

પ્રમુખશ્રી – હિરેન્દ્ર કાંતિલાલ મોતા, સેક્રેટરી – કિશોર કાનજી ધુલ્લા, ખજાનચી – લહેરચંદ કુંવરજી મૈશેરી

કારોબારી સભ્ય : જયંત વેલજી પટેલ, તરૂણ રાઘવજી નાગડા, ચંદ્રેશ દિનેશ નાગડા, રોહીન રતીલાલ ધુલ્લા

કો-ઑપ્ટ : શાંતિલાલ કલ્યાણજી લોડાયા, રતીલાલ પદમશી પનમારીયા, ભરત ચત્રભોજ લોડાયા, મુકેશ માણેકજી લોડાયા, નરેન્દ્ર દામજી મોમાયા, કમલેશ હીરજી નાગડા.

## સખીવૃંદ પુણે

સખીવૃંદ પુણેની બેઠક ૧૧ ફેબ્રુઆરીના નીતાબેન દંડને ત્યાં યોજાઈ. વિવિધ પ્રકારના હલવા પર પ્રકાશ પાડેલ. નીતાબેન એકલ્પનિય સામગ્રીથી પાંચ જાતના હલવા બનાવવાનું પ્રત્યક્ષીકરણ કરેલ જે આ મુજબ હતા.

પેશાવરી હલવાની ખાસિયત વિસ્તારથી સમજવતા પ્રત્યક્ષીકરણ કર્યું. સાકરમાં પાળીને બદલે ઘી નાખીને ચાસણી કરવી તથા તેમાં રવો, સૂકોમેવો નાખીને એને રજવાડી કેમ બનાવવું એ દર્શાવ્યું. ટમેટાનો હલવો ખાતા ખ્યાલ જ ન આવે કે એમાં કઈ સામગ્રીનો ઉપયોગ કર્યો છે આમ નીતાબેને ખુબજ કુશળતાથી કુનેહપૂર્વક પાંચ હલવા બનાવતા શીખવાડ્યા.

વેલેન્ટાઈન ડે ને લક્ષમાં રાખી ઘરની સજાવટ કરી અને લાલ રંગનો ડ્રેસ-કોડ આપેલ તેમજ ચોકલેટથી મુબારક બાદ આપી હતી. લાલ રંગના પહેરવેશમાં સજ્જનું ઈનામ ચંદ્રિકાબેન કિશોર રતાણીને નીતાબેને આપ્યું.

## મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૫/૩/૨૦૧૭ ના રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર જખૌવાળાએ લીધેલ છે. ભાવનામાં રીધ્ધી-સીધ્ધી મંડળ પધારશે.

## શ્રી કોઠારા જૈન પાઠશાળા યાત્રા સંઘ

શ્રી કોઠારા જૈન પાઠશાળાના શિક્ષિકા તોરલબેનની જહેમત તથા માતુશ્રી કસ્તુરીબાઈ હિરાચંદ મુનવર, સુશ્રાવકશ્રી ગાંગજી દેવશી શાહનંદ તથા સુશ્રાવિકાશ્રી સુશીલાબેન તિલકભાઈ લોડાયા વિગેરે દાતા પરિવારોની દિલેરીથી તા. ૧૪/૧/૨૦૧૭ ના રોજ લક્ઝરી બસ દ્વારા યાત્રા સંઘ નીકળેલ.

કોઠારાથી ભૂજ, રાપર, પ્રાગપર, ભીમાસર, ભુટકીયા, ફતેહગઢ, નર્મદા કેનાલ, મોરાગઢ, આડેસર, પલાસવાં, ગાગોદર વિગેરે ગામોનાં તીર્થ બની ચૂકેલા જિનાલયોનાં દર્શન કર્યા.

## શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ, વડોદરા

શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરાના શ્રી વિમલનાથ પ્રભુના જન્મ કલ્યાણક મહાસુદી ૩ની ઉજવણી નિમિત્તે તા. ૮-૨-૨૦૧૭ બુધવારના ૨૧ દાતા પરિવાર તરફથી શ્રી ૧૦૮ વિમલનાથ યંગ મહાપુજન રાખવામાં આવેલ.

દાતા પરિવારો તરફથી સવારના નવકારશી તથા બપોરના સ્વામિભક્તિ રાખવામાં આવેલ. વિધીકાર શ્રી હેમંતભાઈ (પંડીત) અને સંગીતકાર અમીત શાહ એન્ડ પાર્ટીએ ખૂબજ ભાવપૂર્વક પુજન ભણાવેલ.

દીક્ષાર્થી મુમુક્ષુ બહેન ભાવીબેન રાજેન લહેરચંદ લોડાયા ગામ સાંયરા હાલ મુંબઈ પુજનમાં પધારેલ તેમનો સંઘ તરફથી બહુમાન કરી અનુમોદના કરવામાં આવેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com

અમારા માસીયાયી ભાઈશ્રી, ભરતભાઈ ખોનાની પુત્રવધુ નારી શક્તિના પ્રતિક **અ.સૌ. નેહલ એ. શાહ** એ વૉર્ડ ક્ર. ૧૭૭ વડાલાથી BJPની ટીકીટ પર ૮૧૪૦ મતે વિજય મેળવ્યો તે બદલ અભિનંદન...

**– મીના અને ચિમન મોતા • તન-મન પરિવાર**

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૧૦-૧૬ | બરોડા | કાયરા, દ્વિપેન વર્ધમાન લોડાયા | તેરા | પુત્રી |
| ૧૯-૧૨-૧૬ | ભાંડુપ | મનીત, માનસી સુશાંત ચંદ્રેશ ટોકરશી લોડાયા | રવા | પુત્ર |
| ૩૧-૧૨-૧૬ | ધુલિયા | જય, મીનલ તરૂણ વસંત ગોશર | ગોએરસમા | પુત્ર |
| ૦૧-૦૧-૧૭ | ડોમ્બીવલી | સમ્રાટ, રેનુ હર્ષ વિજય છેડા | નલીયા | પુત્ર |
| ૦૨-૦૧-૧૭ | બરોડા | સાનવી, પ્રતિક વર્ધમાન લોડાયા | તેરા | પુત્રી |
| ૦૩-૦૧-૧૭ | ભુજ | શિવ, ધન્ય હરીશભાઈ વિકમશી | રાણપર/જખૌ | પુત્ર |
| ૦૭-૦૧-૧૭ | ડોમ્બીવલી | આરવ, જીગ્ના મોહન ડાઘા | દલતુંગી | પુત્ર |
| ૨૨-૦૧-૧૭ | નાસિક | યુવામ, નુપુર ઈશાંક રાજેશ પોલડીયા | ગોએરસમા | પુત્ર |
| ૨૯-૦૧-૧૭ | નલીયા | જિયાન, જીગ્ના મિતેશ લખમશી મોતા | નલીયા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૧-૧૭ | હુબલી | ભાવેશ ચંદ્રકાંત જીવરાજ લોડાયા | રાપરગઢ | ૨૮ |
| | કોચીન | હીરલ ઉતીન ઝવેરીલાલ લોડાયા | મોટીવંડી | ૨૪ |
| ૧૫-૦૧-૧૭ | માંડવી | કૃણાલ તિલક દેવશી ડાઘા | ગોએરસમા | ૨૪ |
| | ભુજોડી | નેહલ મુરજી લક્ષ્મીચંદ છેડા | સુથરી | ૨૧ |
| ૧૭-૦૨-૧૭ | પનવેલ | પરેશ હીરાચંદ ગોવિંદજી નાગડા | નલીયા | ૩૦ |
| | ડોમ્બીવલી | ઈલમ રમેશ ગાંગજી ધરમશી | રંગપુર | ૨૮ |
| ૧૯-૦૨-૧૭ | ભુજ | ડોલર નવીનચંદ રાયશી લોડાયા | બાંઢીયા | ૨૭ |
| | ભાવનગર | હેમાલી નવીનચંદ ખીમજી નાગડા | કોઠારા | ૨૪ |
| ૨૧-૦૨-૧૭ | ગાંધીધામ | પુનિલકુમાર અતુલ દંડ | તેરા | ૨૬ |
| | ડોમ્બીવલી | રૂપલ દીપકભાઈ લોડાયા | સાંધાણ | ૨૬ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૨-૧૭ | મુલુંડ | વિશાલ ભૂપેન્દ્ર હરીવલ્લભ રૂપારેલ | મુલુંડ | ૨૭ |
| | મુલુંડ | પૂજા દિપક લક્ષ્મીચંદ લોડાયા | વારાપધર | ૨૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૧-૧૭ | આદીપુર | લકી વિનોદ સોમચંદ દંડ | તેરા | ૨૭ |
| | આદીપુર | રૂપાલી વીરચંદ પદમશી વિકમશી | રાણપર | ૨૭ |
| ૧૬-૦૨-૧૭ | કોચીન | કિર્તન મુકેશ આણંદજી ધુલ્લા | રાપરગઢ | ૩૧ |
| | ઘાટકોપર | ભૂમિકા ચંદ્રકાંત કુંવરજી લોડાયા | કોઠારા | ૨૯ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૧-૧૭ | નેપયન્સી રોડ | હેમાંશુ તુષાર રસીકલાલ ગાંધી | ધ્રાંગધ્રા | ૨૮ |
| | ચેમ્બુર | ડૉ. જીની હીતેન્દ્ર નારાણજી ધરમશી | સુથરી | ૨૬ |
| ૦૬-૦૨-૧૭ | ડોમ્બીવલી | વૈભવ પારસ લહેરચંદ શાહ (પટેલ) | બાંઢીયા | ૨૭ |
| | ડોમ્બીવલી | લતિકા સંતોષ સખારામ નલાવડે | ડોંબીવલી | ૨૭ |
| ૧૧-૦૨-૧૭ | - | કેયૂર જ્ઞાનેશ જયચંદ લાપસીયા | દલતુંગી | ૨૯ |
| | - | રીપા બિપીન નરોત્તમદાસ બાવિસી | ગોંડલ | ૨૯ |

### લગ્ન છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૧૦-૧૫ | ચેન્નાઈ | કાર્તિક જગદીશ જીવરાજ અજાણી | કોઠારા | ૩૪ |
| | પરેલ | હીના હંસકુમાર હીરાચંદ દોલત | સુથરી | ૩૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૨-૧૭ | મુલુંડ | કલાવંતી ધનજી વિકમશી | રાણાપુર | ૭૩ |
| ૨૩-૦૨-૧૭ | જલગામ | ભાવનાબેન હેમંત લાલજી દેવજી (ખજૂરવાલા) ગાલા | મંજલ | ૫૧ |
| ૨૪-૦૨-૧૭ | મોટી ખાવડી | લધુભાઈ કરમશી વિરપાર લોડાયા | મોટી ખાવડી | ૯૦ |
| ૨૪-૦૨-૧૭ | અંબરનાથ | ખમાબાઈ લાલજી નેણસી મોમાયા | જખૌ | ૬૮ |

# ક.દ.ઓ. જૈન સમાજનો ૨૭મો સમુહલગ્નોત્સવ ઉજવાયો પાંચ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા



શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ પ્રેરિત, શ્રી ક.દ.ઓ. જૈન સમૂહ લગ્ન ટ્રસ્ટ દ્વારા આયોજીત સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનો સમુહ લગ્નોત્સવ લીલાશાકુટિયા-આદિપુર-કચ્છ મધ્યે યોજાયો હતો. જેમાં સમાજનાં પાંચ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા.

માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા પરિવાર વારાપધર-વાપી, શ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર સાંધવ-મુંબઈ, માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા લાખણીયા, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન કુવાપધર, માતુશ્રી વેજબાઈ કુંવરજી હીરજી લાલકા બાંડીયા-નેત્રા, મેસર્સ ડી.પી. ઈમીટેશન રાજકોટ, ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કુવાપધર આદિએ વિશેષ સહયોગ આપ્યો હતો. દરેક કન્યાઓને સવા લાખની વસ્તુઓ સામાન દર દાગીના-કપડા સહિતની ઘરવખરી કન્યાદાનમાં આપવામાં આવેલ.

વ્યવસ્થામાં કચ્છ એકમ સંસ્થાનાં સર્વે કારોબારી સભ્યો, ગાંધીધામ મહાજનશ્રી, એકતા મહિલા મંડળ, સાર્થક યુવક મંડળ તથા ગાંધીધામનાં સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

## તૃતિય પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૩૦/૦૫/૧૯૫૭



અરિહંત શરણ :
તા. ૨૨/૦૨/૨૦૧૪

### શ્રીમતી વાસંતી હીરાચંદ લાપસીયા

તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા...માં તારી આશિષમાં નહોતી કોઈ અધુરાશ,
કરૂણાનાં નહોતા કોઈ કિનારા... કેમ કરીને ભુલીએ તમારા સંભારણાં....

❖ સ્મરણકર્તા ❖

માતુશ્રી નિર્મળાબેન ચાંપશી પદમશી લાપસીયા પરિવાર ❖ પતિ - હિરાચંદ ચાંપશી લાપસીયા

પુત્રવધુ-પુત્ર : વર્ષા ચેતન હીરાચંદ લાપસીયા
પૌત્ર : હર્ષ - ભવ્ય દોહિત્ર : ક્રીશ - પાર્થ

પુત્રી : જસ્મીન રાકેશ ગોગારી (ડોણ-કચ્છ)
પુત્રી : કાજલ તેજસ ગોગારી (ડોણ-કચ્છ)

પિયર પક્ષ : માતુશ્રી ગંગાબાઈ પોપટલાલ જેતશી મોતા પરિવાર (ગોરખડી)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (27-02-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




# C.A.માં યશસ્વીતાનું અભિવાદન
# લોડાયા તથા ધરમશી પરિવારનું ગૌરવ

શ્રી વિમલનાથ દાદા, સચ્ચાઈ માતાજી અને
પૂ. ગુરૂ ભગવંતોના આશીર્વાદથી
અમારા પરિવારનું સ્વપ્ન સાકાર કરતાં
**નિસર્ગ કિરણ કુમાર લોડાયાએ**
C.A.ની ફાઈનલ પરીક્ષા પાસ કરી,
એ બદલ અમે સૌ અભિવાદન
કરતાં ગૌરવાન્વિત થયા છીએ.



**C.A. નિસર્ગ લોડાયા**
સાંધવ - વડોદરા

-: સ્નેહાશિષ :-

| | | | | |
|---|---|---|---|---|
| માતા-પિતા | : | મોનીકાબેન કિરણકુમાર લોડાયા | - | સાંધવ - વડોદરા |
| મોટા દાદી - દાદા | : | માતુશ્રી માનબાઈ મુરજીભાઈ લોડાયા | - | સાંધવ - હાલોલ |
| દાદી - દાદા | : | માતુશ્રી ધનવંતીબેન ઝવેરચંદ લોડાયા | - | સાંધવ - વડોદરા |
| મોટા નાની - નાના | : | માતુશ્રી કુંવરબાઈ રતનશી મૈશેરી | - | મોટી સિંધોડી - મલાડ |
| નાની - નાના | : | માતુશ્રી પ્રેમીલાબેન લખમશી ધરમશી | - | કોઠારા - મહેસાણા |
| બેન - બનેવી | : | જીનલ જયકુમાર સંગોઈ | - | કપાયા - ગાંધીધામ |
| ફોઈ - ફુઆ | : | રીટાબેન રમેશ કુમાર દંડ | - | કોઠારા - સોલાપૂર |
| ફોઈ - ફુઆ | : | અનીતાબેન જીતેન કુમાર દંડ | - | લાખણીયા - વાશી |
| માસા - માસી | : | આશાબેન તારાચંદ મૈશેરી | - | મોટી સિંધોડી - મલાડ |
| માસા - માસી | : | સ્વાતીબેન શાંતિલાલ કેનીઆ | - | બારોઈ - ડોકયાર્ડ રોડ |
| મામી - મામા | : | પ્રવિણાબેન રાજેશ ધરમશી | - | કોઠારા - ગુલબર્ગા |

**M/s. SILVER HOSIERY (BARODA)**
**MOB.: 09376219325 / 09427844427**


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,